# ...ઉભરાતી ગટરોથી બોરીજના નાગરીકોના આરોગ્ય સામે ઉભો થતો ગંભીર ખતરો

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ બોરીજ ગામમાં ઉભરાતી ગટરોથી ગ્રામવાસીઓ ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. ગટરોના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા ઠેર ઠેર ગંદા પાણીના ખાબોચીયા ભરાયા છે. ચોમાસાની સિઝનનું વરસાદી પાણી તેમજ ગંદા પાણીને હરણફાળ ભરતા શહેર જેવડુ બીજુ ન્યુ ગાંધીનગર વિકાસ પામ્યુ છે. ત્યારે શહેરમાં આવેલા ગામોની સ્થિતિ રોજબરોજ કંગાળ બનતી જાય છે. ગામડાઓના પ્રાણ પ્રશ્નોની ઉકેલ હજુ સુધી આવતો નથી. મંત્રી નિવાસને અડીને આવેલા બોરીજ ગામમાં ઉભરાતી ગટરોથી ગ્રામવાસીઓ હેરાન પરેશાન થઈ ગયા છે.





પગલે ગામમાં મચ્છરોનો ત્રાસ વધી જવા પામ્યો છે. ગામમાં ખદબદતી ગંદકી વચ્ચે રહેવા ગ્રામજનો મજબુર બન્યા છે. બોરીજ ગામના નાગરીકોના આરોગ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા ઉભરાતી ગટરો સત્વરે બંધ કરાવવામાં આવે તેવી લાગણી અને માંગણી બોરીજવાસીઓ વ્યક્ત કરી રહ્યા છે.

ગાંધીનગર શહેર સ્માર્ટ સીટી બનવા તરફ ડગ માંડી રહ્યું છે. ત્યારે શહેરમાં સમાવિષ્ટ ગામડાઓની સ્થિતિમાં પાંચ દાયકાનો સમય વિતવા છતાં કોઈ ફેર પડ્યો નથી. ગતિશિલ ગુજરાતમાં શહેરે વિકાસની ગટરોના ગંદા પાણી માર્ગ પર ફરી વળતા નાગરીકોને ગંદકીમાંથી પસાર થવુ પડે છે. ચોમાસામાં વરસાદી પાણીના ભરાવાને પગલે ગંદકીનું સામ્રાજ્ય છવાયુ હોય છે તેમાં આ સમસ્યાને કારણે વધારો થયો છે. અતિશય ગંદકીને પગલે વાહકજન્ય રોગચાળો માથુ ઉચકે તેવી દહેશત સેવાઈ રહી છે. મચ્છરોના ત્રાસથી ગામલોકો રાત્રીના સમયે શાંતિથી સુઈ શકતા પણ નથી. બોરીજના નાગરીકોને ખદબદતી ગંદકી વચ્ચે જીવન પસાર કરવાની ફરજ પડી છે. ત્યારે ઉભરાતી ગટરો અંગે સત્વરે યોગ્ય નિર્ણય તંત્ર કક્ષાએથી લેવાય તેવી મીટ માંડીને ગ્રામજનો બેઠા છે.

# ડિસેમ્બર-૨૦૧૬ સુધીમાં જિલ્લાને નિર્મળ બનાવાશે

## ગાંધીનગર શહેરને પ્લાસ્ટીક ફ્રી સીટી બનાવવા માટેના અંતરાયો અંગે અડવાણીએ મનપાના તંત્રને પુછ્યુ

ગાંધીનગર, તા. ૨૨

૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે જિલ્લામાં શૌચાલયો બનાવવાની કામગીરી ડિસેમ્બર-૨૦૧૬ સુધીમાં પૂર્ણ થઈ જશે અને જિલ્લો નિર્મળ બનાવવાની દિશામાં તંત્ર આગળ વધશે.

આજે કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓની સમીક્ષા માટે ''દિશા''ની મળેલ પ્રથમ બેઠકમાં સાંસદ અડવાણી સમક્ષ રજુ કરાયેલા પ્રેઝન્ટેશનમાં આ વિશ્વાસ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

સાંસદ અડવાણીની અધ્યક્ષતામાં મળેલ આજની બેઠકમાં ૨૮ જેટલી યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. તંત્ર દ્વારા વિવિધ યોજનાઓ અંગેના પ્રેઝન્ટેશન રજુ કરાયા હતા જેને લઈ અડવાણીએ થયેલી કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આજની આ બેઠકમાં અડવાણીએ ગાંધીનગર જિલ્લો મોડેલ ડિસ્ટ્રીક્ટ ગણવામાં આવી રહ્યો છે ત્યારે અહિ લક્ષ્યાંક સિદ્ધિ ઝડપથી થાય તે જોવા પર ભાર મુક્યો હતો.

૨૦૧૨ના બેઝલાઈન સર્વે પ્રમાણે ૫૭ હજાર જેટલા મકાનોમાં શૌચાલયની સુવિધા ન હતી. તંત્રએ હાથ ધરેલી સઘન કામગીરીને પગલે હવે ૩૫ હજાર જેટલા શૌચાલયો બાકી છે. જે પણ ડિસેમ્બર ૨૦૧૬ સુધીમાં પૂર્ણ થઈ જાય તે રીતે આયોજન કરાયુ છે. આ માટેનો આખો રોડમેપ બેઠકમાં રજુ કરાયો હતો.

ગાંધીનગર શહેરને પ્લાસ્ટીક ફ્રી સીટી બનાવવામાં આવતા અંતરાયોને લઈ તેમણે પ્રશ્નો પુછ્યા હતા.

મહાનગરપાલિકા દ્વારા એવી સ્પષ્ટતા કરાઈ હતી કે સામાન્ય ખરીદીમાં વપરાતી હલકી ગુણવત્તા ધરાવતી પ્લાસ્ટીક બેગ અને વિવિધ પ્રકારના નમકીન ખાઈને આડેધડ ફેંકાતી તેની ખાલી બેગો તંત્ર માટે પડકારરૂપ છે. જો કે આ માટે તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરી દેવામાં આવી છે. અને ઝડપથી આ દિશામાં સફળતા મળશે તેવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો હતો.

તંત્રએ આ હલકી ગુણવત્તાની બેગો પકડી અને દંડનીય કાર્યવાહી કરવામાં આવી રહી હોવાની વિગતો પણ આપી હતી.



ગત બેઠકમાં અડવાણીએ વાઈ-ફાઈના લગાવેલા હોર્ડિંગ્સને લઈ ગાંધીનગરની વિગતો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. આજની બેઠકમાં પ્લાસ્ટીક ફ્રી સીટીને લઈ વિગતો મેળવી ગાંધીનગર શહેર અંગેની ચિંતા વ્યક્ત કરી હતી.

આજની બેઠકમાં ગામતળ સિવાયના સીમતળમાં આવેલા આવાસોને પણ ગ્રામજ્યોતિનો લાભ આપવો જોઈએ તેવી ગાંધીનગર તા.પં.ના પ્રમુખ કાલુસિંહ રાઠોડે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. જો કે તંત્રએ જણાવ્યું કે ગ્રામજ્યોતિ યોજના માત્ર ગામતળમાં બનેલા આવાસો પુરતી સિમીત છે. બીજા સીમતળના મકાનો માટે અન્ય યોજના છે.

આજની બેઠકમાં પદાધિકારીઓની ગેર હાજરી બહુ દેખાઈ આવતી હતી. જો કે આજથી શરૂ થયેલ વિધાનસભાના સત્રને કારણે આવુ થયુ હોવાની વાતો પાટનગરના લોકમુખે ચર્ચાઈ રહી છે. મિટીંગની છેલ્લી પળોમાં ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય અશોક પટેલ પહોંચ્યા હતા.

## ખૂણે ખાંચરેથી...

● ગુજરાત વિધાનસભામાં આજે અર્ધો ડઝનથી વધુ સભ્યો બંડી ધારણ કરીને આવ્યા હતા. ઉપાધ્યક્ષ તરીકે વરાયેલા શંભુજી ઠાકોર અને વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની બંડીનો કલર એક સરખો હતો જે યોગાનુયોગ છે.

● રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અધ્યક્ષ-ઉપાધ્યક્ષની ચૂંટણી પ્રક્રિયા બાદ પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલને મળી નમસ્કાર કહ્યા હતા.

● વિધાનસભાના અધ્યક્ષપદે વરાયેલા રમણભાઈ વોરાને અધ્યક્ષની ચેમ્બરમાં જઈ આનંદીબેન પટેલે અભિનંદન આપ્યા હતા.

● ગાંધીનગર સે. ૬માંથી એક મેલેરિયાનો કેસ મળી આવેલ છે જેને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

● જિલ્લા પંચાયતમાં નેટવર્કની કનેક્ટીવીટીને કારણે કામગીરી પર અસર પડી રહી છે.

● ગાંધીનગર શહેર ભાજપના અને જિલ્લા ભાજપના આગેવાનો આજે વિધાનસભામાં દેખાયા હતા.

# થાનગઢ પિડીત પરિવારના આંદોલનનો સુખદ અંત

## મુખ્યમંત્રી વિજય રૂપાણીની દરમિયાનગીરીથી પિડીત પરિવારની કેટલીક માંગણીઓ સ્વીકારાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સેક્ટર-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ન્યાય માટે થાનગઢના પિડીત પરિવારો ધરણા પર બેઠા હતા. પિડીત પરિવારોની માંગણીઓનો તંત્ર દ્વારા સ્વીકાર કરવામાં આવતા આ આંદોલનનો સુખદ અંત આવ્યો છે. તેમ સંત રોહિતદાસ સેવા સમાજના પ્રમુખે જણાવ્યું છે.

ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે આંદોલન પર બેઠેલા દલિત સમાજના પિડીત પરિવારો પોતાની વિવિધ માંગણી સાથે છેલ્લા કેટલાય સમયથી ધરણા પર બેઠા હતા. ત્યારે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સૂચનાથી સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી આત્મારામભાઈ પરમાર, રાજયકક્ષાના મંત્રી પ્રદિપસિંહ જાડેજા, અનુ. જાતિ નિગમના ઉપાધ્યક્ષ જીતુભાઈ વાઘેલા, સંતશ્રી રોહિદાસ સેવા સમાજના પ્રમુખ ડાહ્યાભાઈ બી. પરમાર સહિતના આગેવાનોની મદદ લઈ પિડીત પરિવારની કેટલીક માંગણીઓ મંજુર કરી ન્યાય અપાવ્યો છે. રોહિત સમાજના આગેવાનો કાનજીભાઈ વી. પરમાર, રમેશભાઈ ડી. પરમાર, ભીખાભાઈ કે. વાઘેલાએ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલ પહેલ માટે આનંદની લાગણી અનુભવે છે. તેમજ મુખ્યમંત્રી તેમજ મંત્રીઓનો રોહિતદાસ સેવા સમાજના પ્રમુખે આભાર વ્યક્ત કર્યો છે.

## ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશનની બેઠક યોજાઈ

ગાંધીનગરના ડેમોક્રેટિક પીપલ્સ એસોસિએશન ગુજરાતની બેઠક પી.જે. રાઠોડના નિવાસસ્થાને મળી હતી. આ બેઠકમાં સંસ્થાના કાર્યકારી પ્રમુખ જગદીપ વાઘેલા તથા મહામંત્રી મૂળજીભાઈ પરમાર દધિના રાજીનામાનો સ્વીકાર કરવામાં આવ્યો હતો. બેઠકમાં સંસ્થાના મહામંત્રી પદે વીરચંદભાઈ પરમાર તથા સંગઠનમંત્રી તરીકે જીવણલાલ સીંધવની વરણી કરી જવાબદારી સોંપવામાં આવી હતી. આ બેઠકમાં અનુસૂચિત જાતીના પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. બેઠકના અંતે ઉપપ્રમુખ સોમાભાઈ પરમારે કાર્યવાહી તથા પી.જે. પરમારની સરભરા અંગે આભાર વ્યક્ત કર્યો હતો.

# સેક્ટર-૩ ન્યુની આંતરીક માર્ગોની લાઈટો બંધ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના સેક્ટર-૩-ન્યુ ખાતે આવેલ આંતરીક માર્ગ પરની મોટાભાગની સ્ટ્રીટલાઈટ બંધ રહેતા અંધારપટ્ટની સ્થિતિ સર્જાઈ છે. અંધારાને પરિણામે નાગરીકોને ચોરીનો ભય પણ સતાવી રહ્યો છે. રાત્રીના સમયે સેક્ટરમાં અસામાજીક પ્રવૃત્તિઓ પણ ફુલીફાલી છે. ત્યારે સે. ૩-ન્યુ વસાહત મંડળ દ્વારા અનેકવાર લેખીત તેમજ મૌખીક રજુઆતો તંત્ર સમક્ષ કરવા છતાં યોગ્ય નિર્ણય ન આવતા વસાહતીઓમાં રોષ ફેલાયો છે.

ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી ટોરેન્ટ પાવર દ્વારા ખોદકામ કરીને નવીન લાઈન નાંખવાનું કાર્ય હાથ ધરવામાં આવ્યું છે. પરંતુ આ ખોદકામમાં સેક્ટરના સ્ટ્રીટલાઈટના થાંભલાની જ લાઈટો ડુલ થઈ જવા પામી છે. સેક્ટર-૩-ન્યુના આંતરીક માર્ગ પર આવેલ વિજ થાંભલાની લાઈટો બંધ રહેતા સેક્ટરમાં સાંજ ઢળતાં જ અંધારપટ છવાઈ જાય છે. અત્યારે હાલના સંજોગોમાં બનતા ચોરીના બનાવોને પગલે સેક્ટરવાસીઓની ઉંઘ પણ હરામ થઈ ગઈ છે. રાત્રીના સમયે માર્ગમાં પડેલા ખાડા નજરે ન પડતા સિનિયર સિટીઝનને ઈજાઓ પહોંચવાના કિસ્સા પણ પ્રકાશમાં આવ્યા છે. સેક્ટરમાં લાઈટ ડુલ હોવાને પગલે અસામાજીક તત્વો અને પ્રવૃત્તિઓ પણ વિકસી રહી છે. જ્યારે મહિલાઓ સાંજ ઢળતા ઘર બહાર જવાનું પણ ટાળે છે. સેક્ટરની સ્ટ્રીટલાઈટ કાર્યરત થાય તે અંગે વસાહત મંડળના પ્રમુખ દ્વારા અનેકવાર લેખીત તેમજ મૌખીક રજુઆતો કરવામાં આવી છે. પરંતુ ટોરેન્ટ તંત્ર દ્વારા હજુ સુધી નિવેડો લાવવામાં આવ્યો નથી. ચોમાસાની સિઝન ચાલી રહી છે ત્યારે વિજ થાંભલાની પેટીઓ મોટાભાગની ખુલ્લી છે. ત્યારે અચાનક કોઈ અકસ્માત સર્જાય તેવી ભિતી સેવાઈ રહી છે. ટોરેન્ટ તંત્ર દ્વારા સત્વરે લાઈટો ચાલુ કરવામાં આવે તેવી વસાહતીઓની લાગણી અને માંગણી છે.

# મહુન્દ્રા પ્રાથમિક શાળાના મેદાનમાંથી ત્રણ શકુની પકડાયા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર આસપાસના ગ્રામ્ય વિસ્તારોની પ્રાથમિક શાળાઓને શકુનીઓએ જુગાર રમવાનું સ્થળ બનાવી દિધુ હોય તેમ લાગી રહ્યું છે. અગાઉ પણ અલગ-અલગ ત્રણ પ્રાથમિક શાળાના મેદાનમાંથી જુગારીઓ પકડાયા હતા. આજે ચિલોડા પીઆઈ એલ.ડી. વાઘેલાની ટીમે ચોક્કસ બાતમીને આધારે મહુન્દ્રા પ્રાથમિક શાળાના મેદાનમાં દરોડો પાડ્યો હતો. મેદાનમાં ખુલ્લેઆમ જુગાર રમી રહેલા મહુન્દ્રા ગામના મહેશ ભીખા ઠાકોર, અનીલ રજુ ઠાકોર અને લાલુ ચમન ઠાકોરને રૂ. ૧૧૨૦ રોકડ મુદ્દામાલ સાથે જુગાર રમતા રંગેહાથ પકડી પાડી ત્રણેયની ધરપકડ કરી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## કાનપુર ગામનું ગૌરવ

ગાંધીનગર તાલુકાના કાનપુર ગામના વતની અને ચૌધરી સમાજના વકીલ તરીકે પદવી પ્રાપ્ત દરમ્યાન તાજેતરમાં કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતમાં નોટરી તરીકે ૬૫૮ જેટલા વકીલોની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર જિલ્લામાં ૧૪ નોટરી પસંદગીપાત્ર બન્યા છે. જેપૈકી ગાંધીનગર તાલુકાના અશોકભાઈ ચૌધરી અને સુભાષ ચૌધરી સહિત ૮ વકીલોની નિમણુંક થતાં તેમને ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ બાર એસોસિએશન દ્વારા આવકારવામાં આવ્યા હતા.

# ગુજરાત સ્ટેટ ઈન્ડીસ્ટ્રીઝ ફેડરેશનમાં સેક્રેટરી તરીકે દિનેશસિંહ ચાવડા બિનહરીફ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગરના અગ્રણી ઉદ્યોગપતિ અને અનેકવિધ સેવાઓ સાથે સંકળાયેલ સંગીનીતા ગ્રૃપ ઓફ



ઈન્ડસ્ટ્રીઝના સીએમડી તથા સંગીનીતા ફાઉન્ડેશનના મુખ્ય ટ્રસ્ટી દિનેશસિંહ ચાવડા ગુજરાત સ્ટેટ સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ ફેડરેશનના સેક્રેટરી તરીકે વર્ષ ૨૦૧૬-૨૦૧૮ના વર્ષ માટેની દ્વિવાર્ષિક ચૂંટણીમાં સતત પાંચમી વાર બિનહરીફ ચુંટાઈ આવેલ છે. તેઓએ સને ૨૦૧૧ થી ૨૦૧૫ સુધી આ પદ પર સેવાઓ આપેલ છે. તેઓ આ પદ પર તેમની નોંધપાત્ર સેવાઓ અને અસરકારક વ્યક્તિત્વના પ્રતાપે બિનહરીફ ચૂંટાઈ આવેલ છે.

સંસ્થાની સ્થાપના ૧૯૬૫માં શેઠ અપવિંદ નરોત્તમ લાલભાઈ દ્વારા કરવામાં આવેલ છે અને હાલમાં ગુજરાત રાજ્યના ત્રણ લાખ પચાસ હજાર કરતાં વધુ ઔદ્યોગિક એકમો અને એસોસીએશનોનું પ્રતિનિધિત્વ ધરાવે છે. રાજ્ય અને કેન્દ્ર સરકાર સાથે તેમજ ઈન્ડસ્ટ્રીઝ વિભાગ સાથે ઉદ્યોગ જગતના પ્રશ્નો અને સવલતો તથા માળખાકીય સગવડો અને બજેટમાં નાણાંકીય સવલતો અંગે સંગઠન દ્વારા અને વ્યક્તિગત ધોરણે ચાવડા દ્વારા અસરકારક રજુઆત કરવામાં આવે છે.

# સારાંશ ફાઉન્ડેશન ''સ્પેશિયલ'' બાળકોના જીવનમાં નવુ પ્રભાત સર્જશે

## ગાંધીનગર ડીપીએસ સંકુલમાં ઓટીઝમ, ડિસ્લેકિસયા જેવા સિન્ડ્રોમની સમસ્યા ધરાવતા બાળકોના શિક્ષણ તથા વિકાસ માટે પગલાં લેવાશે

ગાંધીનગર, તા. ૨૨

ભોલારામ એજ્યુકેશન સોસાયટી દ્વારા પ્રેરિત સારાંશ ફાઉન્ડેશન ઓટીઝમ, ડિસ્લેકિસયા તથા તેવા અન્ય સિન્ડ્રોમ્સની સમસ્યા ધરાવતા 'ખાસ' બાળકોના વિકાસ, તેમના સંરક્ષણ તથા શિક્ષણ માટેના પડકારો ઉઠાવશે જેથી આ બાળકોને કોસ્કોલેટીક એન્વાર્યમેન્ટ



આપવા માટે અલગ પરિસરોની જરૂર નહી રહે. આ પ્રકારના દિવ્યાંગ બાળકોના વિકાસ માટે ભોલારામ એજ્યુકેશ સોસાયટી દ્વારા ઉમદા કદમરૂપે ''સારાંશ''નો આજે ઔપચારિક પ્રારંભ કરાયો હતો. તા. ૨૯મી ઓગષ્ટે તેનું શાહીબાગના સરદાર પટેલ મેમોરિયલ ખાતે વિધિવત લોન્ચિંગ કરાશે.

સારાંશને લોન્ચ કરતા ફાઉન્ડેશનના સ્થાપક અપૂર્વા ગોએન્કાએ જણાવ્યું હતું કે વર્ષોથી તેમના મનના ખૂણામાં રહેલું સપનુ સારાંશ સ્વરૂપે આકાર લઈ રહ્યું છે જે આજે હકીકત બન્યું છે. આ 'ખાસ' બાળકોના વાલીઓ દ્વારા જે પડકારોનો સામનો કરવામાં આવે છે તેને ઘટાડવાનો અમારો પ્રયાસ રહેશે. અમે ઈન્છીએ છીએ કે આ બાળકો પણ તેમનું જીવન ગૌરવભેર જીવન જીવી શકે. આ પ્રસંગે ડિપીએસ ગાંધીનગરના વાઈસ પ્રિન્સિપાલ કમલચંદે સારાંશને તમામ પ્રકારનો સહયોગ પુરો પાડવાની ખાતરી આપી હતી અને સારાંશનું એક યુનિટ ડીપીએસ શાળાના પરિસરમાં રહેશે તેવી માહિતી આપી હતી. સારાંશ ફાઉન્ડેશનના મુખ્ય સભ્ય માનોબીના ચક્રવર્તીએ આ બાળકોના જીવનમાં મહત્વપૂર્ણ ફેરફાર લાવી શકવાનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

શિશુ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટરમાં ડેવલપમેન્ટલ પિડિયાટ્રિશિયન તરીકે છ વર્ષથી કાર્યરત ડૉ. દિપીકા જૈને સારાંશ સાથે જોડાવાના ગૌરવને વ્યક્ત કરતાં સંશાધનો, માળખુ અને સમર્પિત ટીમ દ્વારા દરેક બાળકની શક્ય તમામ સંભાવનાઓને વિકસાવવામાં મદદરૂપ થશે તેવો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અને બાળકોને ઈન્કલુઝિવ એજ્યુકેશન આપવાની ખાતરી આપી હતી. સારાંશ ફાઉન્ડેશનના સાયકોલોજિસ્ટ વર્ષા ઠાકુરે સારાંશને સ્પેશિયલ બાળકોની વધુ સારી રીતે કાળજી લઈ શકે તેવું પ્લેટફોર્મ ગણાવ્યું હતું.

# ચિલોડાના ૩૫ યુવાનોએ રક્તદાન કરી સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરી



ચિલોડા, તા. ૨૨

ચિલોડા દૂધ ઉત્પાદક મંડળીના હોલમાં ઈન્ડીયન મેડીકલ એસોસિએશન માણસા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ચોકસી મણીલાલ કાળીદાસ અને પટેલ નારાયણભાઈ નરસિંહભાઈ વોલન્ટરી બ્લડબેંક અને ચિલોડા ગામના યુવાનોના સંયુક્ત ઉપક્રમે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. ચિલોડાના ૩૫ યુવાનોએ ૭૦માં સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે રક્તદાન કરી સ્વાતંત્ર્ય પર્વની અનોખી ઉજવણી કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં આગેવાનો હાજર રહીને યુવાનોના આ ઉમદા કાર્યને બિરદાવ્યું હતું.

# ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા ત્રિરંગા યાત્રા યોજાઈ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર મહાનગર ભાજપા દ્વારા દેશની આઝાદી માટે શહિદ થયેલા વિરોની કુરબાનીને યાદ કરવા ત્રિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. બે ભાગમાં યોજાયેલી આ યાત્રામાં સૌ પ્રથમ વોર્ડ-૧ થી વોર્ડ-૪ વિસ્તારોમાં સવારે ૯.૦૦ કલાકે પંચદેવ મંદિર, સેક્ટર-૨૨ ખાતેથી પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. આ યાત્રા સે. ૨૧ થી સે. ૩૦માં ફરી ઘ-૫ ખાતે પુર્ણ થઈ હતી અને રવિશંકર મહારાજની પ્રતિમાને ફૂલહાર ચઢાવી તેની સમાપ્તી કરવામાં આવી હતી. આ યાત્રામાં વોર્ડ-૧ થી વોર્ડ-૪ના પદાધિકારીઓ, કોર્પોરેટરો, સક્રિય સભ્યો તથા નગરના વરિષ્ઠ આગેવાનો મોટી સંખ્યામાં બાઈક સાથે જોડાયા હતા. આ ઉપરાંત વોર્ડ-૫ થી વોર્ડ -૮ ત્રિરંગા યાત્રાની શરૂઆત સે. ૧૭ ખાતે આવેલા હનુમાનજીના મંદિરથી કરવામાં આવી હતી. આ યાત્રામાં વોર્ડ-૫ થી વોર્ડ-૮ ના પદાધિકારીઓ, કોર્પોરેટર, તથા કાર્યકર્તાઓએ હાજરી આપી હતી. આ યાત્રા વોર્ડ-૫ થી ૮ના દરેક સેક્ટરમાં ફરી હતી. જે ગાયત્રી મંદિર સે.૧ ખાતે સમાપ્ત થઈ હતી. આ ઉપરાંત ત્રિરંગા યાત્રામાં મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય અશોકભાઈ પટેલ અને શંભુજી ઠાકોર, પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણા, ગુડા ચેરમેન આશિષભાઈ દવે તથા અશોકભાઈ ભાવસાર અને નિતીનભાઈ પટેલ જેવા આગેવાનો જોડાયા હતા.

## જાહેરાત

ટ્રેડ યુનિયનના વાર્ષિક રીટર્ન સને-૨૦૧૫નો રીપોર્ટ તૈયાર કરવા સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરાવવાની જરૂર હોઈ, શ્રમ અને આયુક્તશ્રીની કચેરી, બ્લોક નં. ૧૧, ૧૨ અને ૧૪, બીજો માળ, સેક્ટર-૧૧, ઉદ્યોગ ભવન, ઘ-સર્કલ, ગાંધીનગર દ્વારા ભાવો મંગાવે છે. રસ ધરાવતી એજન્સીઓએ તા. ૨૩/૮/૨૦૧૬થી તા. ૩૧/૮/૨૦૧૬ સુધી ૧૮.૦૦ કલાક સુધીમાં કચેરી ખાતેથી ટેન્ડર મેળવી સીલબંધ કવરમાં કચેરી ખાતે જમા કરાવવાનું રહેશે.

માહિતી/૧૩૦૨/૧૬-૧૭

## નામ બદલેલ છે

મારું નામ પટેલ કૈલાસબેન છોટાભાઈ હતું તે બદલી પટેલ કૈલાસબેન દિનેશકુમાર રાખેલ છે.

મુ. પો. સલાલ, તા. પ્રાંતિજ જી. સાબરકાંઠા, ગુજરાત